**કૃપાકરી પ્રસિદ્ધિ માટે** **૧૯ જૂન ૨૦૧૪**

**ભારતીય જનતા પાર્ટીના નેતા શ્રી રામ નાઈક અને ભાજપ મુંબઈ નાં અધ્યક્ષ ધારાસભ્ય શ્રી આશિષ શેલારે સંયુકત પત્રકાર પરિષદમાં ગુરૂવાર, ૧૯ જૂન ૨૦૧૪ ના રોજ વિતરીત કરેલ નિવેદન**

***મતદાર યાદીઓ સુધારવાની રીત સરળ થશે***

**મુંબઈ,ગુરૂવાર :** વિધાનસભા ચૂંટણી માટે મતદાર યાદીઓના સુધાર કાર્યક્રમમાં તાજેતરમાં થયેલ લોકસભા ચૂંટણી માં જે મતદારોના નામો ગાયબ થયા હતા , તેમણે પહેલાની મતદાર યાદીના યાદી ક્રમાંક અને અનુક્રમાંક અથવા ચૂંટણી આયોગે આપેલ મતદાર ઓળખપત્રમાંનો ક્રમાંક લખ્યો હોય તો તેમને ફોર્મ ૬ ભરતીવેળાં જન્મનો, નિવાસનો અથવા અન્ય કોઈપણ પ્રકારનો પૂરાવો આપવો નહીં પડે. તેમજ જે મતદારના બિલ્ડિંગ રિડેવલપમેંટમાં જવાથી મતદારોના નામો કાઢિ નાખવામાં આવ્યા હતા તેમના નામો પણ ફરી મતદાર યાદીમાં સમાવિષ્ટ કરવા માટે યોગ્ય નિર્ણય તાત્કાલિક લેવામાં આવશે તેવું સ્પષ્ટ આશ્વાસન ચૂંટણીપંચે ભારતીય જનતા પાર્ટીના નેતા શ્રી રામ નાઈક અને ભાજપ મુંબઈનાં અધ્યક્ષ ધારાસભ્ય શ્રી આશિષ શેલારને બુધવારે દિલ્લી ખાતે થયેલ બેઠક માં આપેલ છે. તે બેઠકમાં માજી ડે.મેયર અરૂણ દેવ પણ હાજર હતા.

એ સિવાય લોકસભા ચૂંટણીમાં આયોગની વતી મતદારોને આપેલ 'મતદાર ચિઠ્ઠી' વહેંચવાનો અભિનંદનીય નિર્ણય લીધો હતો, પરંતુ ફકત મતદાનનાં પાંચ દિવસ પહેલા વહેંચવાની શરૂ કરાઈ હતી તેથી સર્વ મતદારોને મળી શકી ન હતી. તે આગામી ચૂંટણી નો કાર્યક્રમ જાહેર થયા બાદ તાત્કાલિક વહેંચવાની શરૂઆત કરવામાં આવશે જેથી વહેંચણીમાં લોચા ન થાય તેવું આશ્વાસન પણ ચૂંટણી પંચે આપેલ છે.

ચૂટણીપંચ સાથે થયેલ બેઠક માં મુખ્ય ચૂંટણી કમિશ્નર શ્રી વ્હી.એસ.સંપત તેમજ કમિશ્નર શ્રી એચ.એસ.બ્રહ્મા અને ડૉ.નસીમ જૈદીની સાથે ચૂંટણી પંચના વરિષ્ઠ અધિકારી પણ ઉપસ્થિત હતા. મતદાર યાદી ઘરે ઘરે જઈ જનગણના મુજબ નવેસર થી તૈયાર કરવામાં આવે એવી માગણી સંદર્ભે વિધાનસભા ચૂંટણી સૂધી આ કામ પૂર્ણ થઈ શકશે નહીં તેવું આયોગે સ્પષ્ટ કર્યું છે. એ સિવાય મતદાર યાદીઓમાં ૧૦૦ ટકા ફોટા નો સમાવેશ કરવાનો પ્રયત્ન પણ કરવામાં આવશે જેથી બોગસ મતદાન પર નિયંત્રણ આવશે તેવું પણ આશ્વાસન આયોગે આપેલ છે.

આયોગે આપેલ આશ્વાસનો અમલમાં લાવવા માટે લેખિત આદેશ મહારાષ્ટ્ર રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીને અઠવાડિયામાં આપવામાં આવશે. તેમજ તે મુજબની જાહેરાતો પણ આપવામાં આવશે તેવું ચૂંટણીપંચે આશ્વાસન આપેલ છે. જે મતદારોના નામ લોકસભા ચૂંટણી માં મતદાર યાદીમાંથી ગાયબ તયા હતા, તેમણે પોતાના નામો નોંધાવવાનો પ્રયત્ન કરવો તે મુજબની અપીલ શ્રી રામ નાઈક અને શ્રી આશિષ શેલારે કરેલ છે.

**(કાર્યાલય સચિવ)**